

પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી, મહાનગર દ્વારા પંડિત દિનદયાળ જીવનચરિત્ર પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# સે. ૧૭ના યુવાનનો ધાનજ નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો

## લાપત્તા દિકરાને શોધી રહેલા પરીવારજનોને કોબા કેનાલ પાસેથી બાઈક મળ્યું હતુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭માં છ-ટાઈપ વિસ્તારમાં રહેતા ૨૬ વર્ષિય યુવાનનો કલોલ નજીકના ધાનજ નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ધાનજ કેનાલના પાણીમાં તરતા મૃતક યુવાનના પરિવાજનોએ જ કલોલ તાલુકા પોલીસને જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરનાં સેક્ટર-૧૭ બ્લોક નં. ૪૪/૪ છ-ટાઈપ ખાતે સરકારી આવાસમાં રહેતો ૨૬ વર્ષીય યુવાન મહેશ બાબુભાઈ ડાભી ઘરેથી બાઈક લઈને ચાલ્યો ગયો હતો. રાત-દિવસની શોધખોળ બાદ પરિવારજનોને ગઈકાલે સવારે મહેશનું બીક કોબા પાસેથી પસાર થતી કેનાલ બહારથી મળી આવ્યું હતું. જેથી કેનાલ વિસ્તારમાં ચેક કરતાં બપોરના અરસામાં પરિવારજનોને કલોલ પાસેના ધાનજ નર્મદા કેનાલમાંથી તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પરિવારજનોએ કલોલ તાલુકા પોલીસને જાણ કરતાં જમાદાર ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

# લવારપુર ચોકડીથી ૧૦૫ લીટર દેશી દારૂની હેરાફેરી કરતાં એક ઝડપાયો

## વહેલી સવારે બાઈક પર પોટલીઓની ખેપ મારતો હતો : એક વોન્ટેડ

ગાંધીનગર, તા.૨૬

લવારપુર પાસેથી અમદાવાદ તરફ આજે વહેલી પરોઢીયે દશી દારૂની પોટલીઓ ભરેલો થેલો લઈને બે બુટલેગરો બાઈક પર પસાર થઈ રહ્યા હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડીને ૧૦૫ લીટર દેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડયો હતો. જયારે બીજો શખ્સ નાસી છુટવામાં સફળ રહ્યો હતો. ડભોડા પોલીસે પ્રોહીબીશન એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી ફરાર બુટલગરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

ડભોડા પોલીસને આજે વહેલી સવારે બાતમી મળી હતી કે લવારપુર પાસેથી બાઈક પર બે શખ્સો દેશી દારૂની પોટલીઓનો જથ્થો લઈ જઈ હેરાફેરી કરી રહ્યા છે તેને આધારે વોચ ગોઠવીને સવારે પાંચ વાગ્યે દેશી દારૂના જથ્થા સાથે એકને ઝડપી પાડયો હતો.

લવારપુર પાસેથી અમદાવાદ તરફ બાઈક નં. જીજે ૧ ટી.એફ. ૫૨૩૬ પર દેશી દારૂની ૧૦૫ લીટર દેશી દારૂની પોટલીઓ એક કોથળામાં ભરીને બે શખ્સો પસાર થઈ રહ્યા હતાં. અમદાવાદના સઈજપુર વિસ્તારમાં આવેલા હિરાવાડીનો તેજસિંહ હમીરસિંગ રાઠોડ અને ઠકકરનગરનો ઉદેસિંહ સિસોદીયા દારૂની હેરાફેરી કરી રહ્યા હતાં. પોલીસે દરોડો પાડીને લવારપુર ચોકડી પાસે બાઈક ઉભું રખાવતા તેજસિંગ ઝડપાઈ ગયો હતો. જયારે ઉદેસિંહ ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસ મથકના પી.એસ.આઈ. એચ.કે. સોલંકીએ ૧૦૫ લીટર દેશી દારૂના જથ્થા સાથે એકની ધરપકડ કરી બાઈક કબ્જે લઈ ફરાર બુટલેગરની શોધખોળ આરંભી છે.

## નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ ૨જીએ યોજાશે

ગાંધી જયંતિ તથા નેચરોપથી દિવસની ઉજવણીના ભાગ સ્વરૂપે સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, મુ. રાંધેજા, તા.જિ. ગાંધીનગર ખાતે તા. ૨ ઓકટોબર ૨૦૧૨ના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવશે. સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર ખાતે યોજાનાર નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પમાં કસરત, યોગ, આહાર, મડ થેરાપી, હાઈડ્રો થેરાપી અને માલિશ થેરાપી દ્વારા રોગ કઈ રીતે મટાડી શકાય તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોએ વહેલા તે પહેલાના ધોરણે કેન્દ્રનો સંપર્ક કરવો.

# સેકટર-૭-ડીની 'ડીરેકટરી-૨૦૧૨'નો ૩૦મીએ વિમોચન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સેકટર-૭-ડી, શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ સેકટર-૭-ડીની કાર્યવાહક સમિતિની સંયુકત બેઠક તાજેતરમાં જયંતભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સર્વ ધર્મ પ્રાર્થના બાદ ડીરેકટરી-૨૦૧૨નું વિમોચન ૩૦મી સપ્ટેમ્બર-૨૦૧૨ને રવિવારે સાંજે ૪ કલાકે ચૌધરી શાળાના હોલમાં રાખવામાં આવ્યું હોવાની જાણકારી આપી હતી. ચૌધરી શાળાના હોલમાં યોજાનાર 'ડીરેકટરી-૨૦૧૨'નું વિમોચન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, મહાનગરપાલિકા વોર્ડ ૯ અને સેકટર-૭-ડીના કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. એસ.કે. ગુપ્તા, વિક્રાંત પુરોહિત, આર.આર. ત્રિવેદી, મનસુખભાઈ સોજીત્રા, કેશવગીરી ગોસ્વામી, હર્ષદભાઈ મહેતા, ડૉ. સૂરજ બારોટ, ભૂપતભાઈ ભૂતડિયા, સેકટર-૭-ડીના અગ્રાણીઓ ઉપસ્થિત રહેશે.



ગણેશોત્સવ ઉજવણી સમિતિ સેક્ટર-૨ ખાતે ગુજરાતી ફિલ્મ કલાકાર નરેશ કનોડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરના રોડ પર રખડતા ઢોરોનો વિસામો...!!!

## રાત્રિ દરમિયાન ચ-૨, આદિવાડા, ગ-૬, ઘ-૭ થી ક-૭ સુધી ગાયોનો અડીંગો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં દિવસે નહીં એટલો રાત્રિ દરમિયાન રખડતા ઢોરોનો ત્રાસ વધી ગયો છે. ખુલ્લામાં ગમે ત્યાં માલિક વિહોણા ઢોરો રોડ પર બેસેલા, પસાર થતાં અને ધ્યાની યોગીની જેમ નિઃસ્તબ્ધ રીતે ઊભેલા નજરે પડે છે. માલિકો કે તંત્ર આ બાબતે જાગ્યું હોય તેવું લાગતું નથી.

નગરના ક રોડથી મંડીને ચ રોડ સુધી જયાં ત્યાં સમયાંતરે રખડતી ગાયો નજરે પડે છે. ખાસ કરીને ચ-૨ ખાતે સાંજે ૬ થી ૭ના સમયગાળામાં દરરોજ ૫ થી ૬ ગાયો વાછરડા સાથે કોઈ પણ જાતના રખેવાળ કે માલિક સિવાય રખડતી નજરે પડે છે. સંધ્યાને રાત્રિમાં આ રીતે મુખ્ય રોડ પર રખડતી ગાયોથી અકસ્માતોનો ભય વધી રહ્યો હોવાની સ્થાનિક વસાહતીઓ અને વટેમાર્ગુઓએ ફરિયાદ કરી છે.

ગાંધીનગરના મુખ્ય ઘ રોડ પર તથા ઘ-૭ થી ક-૭ સુધીના માર્ગ પર સાંજે ૬ વાગ્યા પછી પણ રખડતી ગાયો ગમે તેમ ભાંભરતી હોય છે અને રસ્તા વચ્ચે ઉભી ઉભી ચારો ચરતી તથા વાહનચાલકોનો રસ્તો રોકતી દેખાય છે. ખાસ તો આ રોડ ઉપર કેટલીક જગ્યાએ સ્ટ્રીટ લાઈટો ન હોવાથી અંધારામાં વાહન ચાલકો અકસ્માતનો ભોગ બન્યા હોવાની સ્થાનિકજનોએ ફરિયાદ કરી છે. ગાય-વાછરડા આ રખડતા કે રોડ પર ગમે તેમ બેઠેલા હોવાથી ઘણી વખત ટ્રાફીક પણ ખૂબ જામી જાય છે. વાહન ચાલકો નીચે ઉતરીને ઢોરોને હાંકે ત્યારે તો રસ્તો ખુલ્લો થાય છે. રોજે રોજ આ રીતે ઢોરો રસ્તા પર બેઠેલા અને રખડતા હોય છે ત્યારે તેના માલિકો તેની દરકાર કરતા નથી અને રક્ષણની જવાબદારી પણ સ્વીકારતા નથી. રખડતા ગાય વાછરડાને કોઈ ઢોરના ડબ્બામાં પૂરતા નથી. છૂટા મૂકી દે છે. તંત્ર આ બાબતે જાગે ને યોગ્ય પગલા લે તેવી રાહદારીઓની માંગણી છે.

# ચિલોડા મોટા ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકીય કાર્યકર-બુથ મેનેજમેન્ટ સંમેલન યોજાયું

## ૧૦૦૦ થી વધુ કાર્યકરોને બુથ લેવલની કામગીરીમાં સક્રિય બની કોંગ્રેસને જવલંત વિજય અપાવવા આગેવાનોએ આહવાન કર્યું

ચિલોડા, તા. ૨૬

ગુજરાત રાજ્યમાં આગામી ૨૦૧૨ની ગુજરાત વિધાનસભાના રણશીંગાના પડધમનો શુભારંભ આરંભાઈ ચૂક્યો છે. ગુજરાત રાજ્યકક્ષાએ વિવિધ પક્ષો, કાર્યકરો, આગેવાનો, ચૂંટણીલક્ષી પ્રચાર-પ્રસારના કાર્યક્રમો યોજવા કટીબદ્ધ બન્યા છે. વર્તમાનમાં શાસકપક્ષ તથા વિરોધપક્ષો વચ્ચે ચૂંટણીનો રસાકસીભર્યો ખેલથી પૂર્વ તૈયારીઓને આખરી ઓપ આપવા તલપાપડ બન્યા છે. ચૂંટણી સંદર્ભે કાર્યકરોને સજજ કરવા તથા સત્તાના સૂત્રો હાંસલ કરવા જનતા જનાર્દનનો લોકસંપર્ક ખૂબ અનિવાર્ય બન્યો છે. લોક માધ્યમો દ્વારા રાજકીય પક્ષો મતદારોને સાચી હકીકતો જણાવતા સક્રિય દોડ મુકી રહ્યા છે. જેમાં પક્ષીય સંમેલનો, યાત્રાઓ, જાહેરાતો, શિબિરો, ગ્રુપમિટીંગો તેમજ ચૂંટણીલક્ષી વિવિધ કાર્યક્રમો દ્વારા ચૂંટણીનો માહોલ ધમધમે તેવા પ્રયાસો આદરી દીધા છે.

ચિલોડા મોટા ખાતે ઓમ લેન્ડ માર્ક પી.ટી.સી. કોલેજ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વિધાનસભા દીઠ બુથ એજન્ટ, બુથ કાર્યકરો કોંગ્રેસના સંબંધિત વિધાનસભા ક્ષેત્રના આગેવાનોએ ચૂંટણી પ્રક્રિયા અને બુથ લેવલની વિશિષ્ટ કામગીરીથી વાકેફ કરવાના હેતુથી ગાંધીનગર દક્ષિણ વિધાનસભાની બેઠકમાં કોંગ્રેસ સમિતિના પ્રચાર અને ચૂંટણી સમિતિના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલા, પાટણના સાંસદ જગદીશભાઈ ઠાકોર, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરિભાઈ અમીનની ઉપસ્થિતિમાં રાજકીય કાર્યકર સંમેલન યોજાયું હતું. જેમાં ૨૨૦ બુથ પર એજન્ટો અને કાર્યકરોને ચૂંટણીલક્ષી વિશેષ નિષ્ઠાપૂર્વકની જવાબદારી અને કાર્યની સોંપણી સંબંધિત માર્ગદર્શનનો ખ્યાલ આપ્યો હતો. આ પ્રસંગે કોંગ્રેસના મહારથીઓએ પક્ષના હિતને પ્રાધાન્ય આપી એકમેક બની એકતા-સંગઠિતથી કોંગ્રેસને જવલંત વિજય હાંસલ કરવા આહ્વાન કર્યું હતું. જેના ઉદાહરણરૂપે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં હરહંમેશ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, તેમજ ગ્રામ્ય વિસ્તારથી સહકારી મંડળીઓની સત્તા હસ્તક કરવામાં સૌનો સાથ-સહકાર મળતાં સિદ્ધિના સોપાનો સર કર્યા છે. જ્યારે ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર ચૂંટણી જીતવાની અપેક્ષા વ્યૂહરચના ઘડી કાર્યકરોનો જોમ-જુસ્સો-તાકાત વધુ મદદરૂપ બને તેવી કામગીરીમાં શક્તિ કામે લગાડવા નિર્ણાયક ભુમિકા બજાવવા કાર્યકરોને આભાર અને સંતોષ વ્યક્ત કર્યો હતો.





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આ પ્રસંગે કોંગ્રેસના મહારથીની સાથોસાથ કાર્યકરો તથા મતદારોને સાચી હકીકતની સમજ આપી સારો સંદેશો પહોંચાડવા કટીબદ્ધ બનવાની શીખ આપી હતી. જેમાં જિલ્લા તથા તાલુકા કોંગ્રેસ સમિતિના આગેવાનો તથા હોદ્દેદારોમાં જશુભા રાણા, મંગીબેન પટેલ, ધુળાજી ઠાકોર, જુગાજી ઠાકોર, બાબુજી ઠાકોર, સેંધાજી ઠાકોર, પંકજભાઈ પટેલ, હિમાંશુ પટેલ, ગિરીશભાઈ રાવલ, દિલિપભાઈ ચૌધરી, અશ્વીન બારોટ, અરવિંદભાઈ સોલંકી તેમજ ચિલોડા આજુબાજુ ગ્રામોના અગ્રણી આગેવાનોમાં યાકુબભાઈ મનસુરી, સવાજી ઠાકોર, જગદીશભાઈ પટેલ તથા સરપંચો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટી પડ્યા હતા. આ સંમેલનમાં મહાનુભાવોએ કોંગ્રેસને સફળતા અપાવવા સૌનો સાથ-સહકારથી ઉત્સાહભેર કામ કરવા આહ્વાન કર્યું હતું.

# ગાંધીનગર મહાનગર ભાજપ મહિલા મોરચાના ઉપક્રમે મહિલા સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાના ઉપક્રમે ગત રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ, સેક્ટર-૧૨ ખાતે મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. મહિલા સંમેલનમાં ભાજપ કાર્યકર્તાઓ તથા પ્રતિષ્ઠિત નાગરિકોએ ખાસ હાજરી આપી મુખ્યમંત્રીના રાજકીય કાર્યકાળને વધુ સવર્ણમય બનાવાવ હાંકલ કરી હતી.



મહિલા સંમેલનમાં મહિલા મોરચાના અધ્યક્ષ ભારતીબેન શુકલાએ આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત પ્રવચન સાથે અભિવાદન કર્યુંહતું. આ પ્રસંગે ઉપસ્થિત મહિલાઓને પાછલા એક દાયકામાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વવાળી રાજ્ય સરકારે રાજયમાં કરેલી કામગીરીથી માહિતગાર કરી આગામી ચૂંટણીમાં મુખ્યમંત્રીને જંગી બહુમતીથી જીતાડવા અને ગુજરાતમાં સુશાષન દ્રઢ બનાવવા મહિલા મોરચાને હાંકલ કરી હતી.

ગાંધીનગર મહાનગર મહિલા મોરચાના ઉપક્રમે યોજાયેલા મહિલા સંમેલનમાં મહિલા મોરચાના પ્રદેશ મહામંત્રી તથા એસ.ટી. બોર્ડના ડિરેક્ટર કૈશલ્યાકુંવરબા રાજ, મહિલા મોરચાના પ્રદેશ મંત્રી અરૂણાબેન ચૌધરી, મહાનગરના પ્રમુખ ઋચિર ભટ્ટ, પ્રભારી સૂર્યાબેન ઠાકોર, અધ્યક્ષ ભારતીબેન શુકલ તથા મહિલા મોરચાના હોદ્દેદારો તેમજ કાર્યકર્તા મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પ્રદેશ મહામંત્રી કૌશલ્યાકુંવરબા રાજે આ પ્રસંગે મુખ્યમંત્રીના પ્રયાસોથી રાજ્યમાં સ્ત્રી ભ્રુણ હત્યાનો દર ઘટ્યો છે. તથા સ્ત્રીઓની સ્થિતિ વધુ સુદ્દઢ બની હોવાની બાબત સ્પષ્ટ કરી રાજ્ય સરકારને અભિનંદન આપ્યા હતા.

## ગાંધીનગર મનપા સમક્ષ અન્યાય દુર કરવાની માંગણી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાની રચના થયે બે વર્ષ જેવો સમય થવા છતાં પુરતો વહીવટ સોપાતો નથી જે મહાનગર પાલિકાને અન્યાય કર્તા છે.

જો ગુજરાતને અન્યાયની રૂપિયા ખર્ચાને જાહેરાતો આપવામાં આવે છે. તે બંધ કરવી જોઈએ. ખોટા ખર્ચ, ઉત્સવો પણ બંધ કરવા જરૂરી છે. કે.પી. પરમાર સેકટર-૨૭ના અગ્રણીએ જણાવેલ છે.

## આજે પેથાપુરમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૬

પેથાપુર એસ.ટી. બસ પેસેન્જર એસોસીએશનના મંત્રી તથા અગ્રણી કાર્યકર નટુભાઈ કે. દરજી જણાવેલ છે કે, પેથાપુર ગામમાં અંબા મંડળ દ્વારા મિસ્ત્રી સ્મીતાબેનના નિવાસ સ્થાને તા. ૨૭મી સપ્ટેમ્બરના રોજ બપોરે આનંદનો ગરબો રાખવામાં આવેલ છે.

## દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામના વતની ત્રિશલાબેન ધર્મપાલ વર્ધનનો સ્વર્ગવાસ થતાં સ્વર્ગસ્થનું બેસણું આજે તા. ૨૭મી સપ્ટેમ્બરે સવારે ૯ થી ૧૨ અને શાંતિવંદના સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન આંબેડકર ચોક, મુ. કુડાસણ ખાતે રાખવામાં આવી છે.

# જાનમાલની સલામતી માટે સર્વિસ રોડ બનાવવા ગાંધીનગર વિકાસ પરિષદની માંગણી

ગાંધીનગર, તા. ૨૬

પાટનગરના સતત વધી રહેલા વિકાસને કારણે અને વસ્તી વધારાથી ટ્રાફિકનું ભારણ ચિંતાજનક બની ગયું છે. જેને અસરકારક પહોંચીવળવા તંત્ર નિષ્ફળ ગયેલ છે. પરિણામે અકસ્માતો વધતા જાય છે. અમુક ચોક્કસ વિસ્તારોમાં આવન જાવન કરતા નાગરિકો અને વિદ્યાર્થઈઓ અકસ્માતના ભય હેઠળ પસાર થાય છે. પાટનગરનો આવો ભય જનક વિસ્તાર ચ-૦, ચ-૫ અને ચ-૩ થી ઘ-૩ સુધીનો છે. સેન્ટઝેવિયર્સ, ચૌધરી સ્કુલ, સમર્પણ શૈક્ષણિક સંસ્થાઓ આવેલ છે. વિટકોસ સીટી, એસ.ટી. ડેપો તથા ખાનગી પેસેન્જર વાહનો, ન્યાય સંકુલ, બહુમાળી ભવન, ખાનગી આરોગ્ય, દવાખાના, ઈન્દ્રોડા, વાવોલનો મુખ્ય જોડતો રસ્તો ચ-૩ થી ઘ-૩ એ ગાંધીનગર શહેરમાં પ્રવેશ માટેના મુખ્ય પોઈન્ટ છે. તો આ રસ્તા સર્વિસ રોડની ખાસ જરૂરીયાત છે. ગાંધીનગર વિકાસ પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆએ સરકારમાં રજૂઆત કરેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧

સૂર્યાસ્ત : ૬.૩૨

## તાપમાન

મહત્તમ : ૩૩.૨ ડિ.સે. લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૫૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હિરોઈન : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૫, ૭.૪૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૫ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦
હિરોઈન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
બર્ફી :૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
હિરોઈન: ૮.૧૫, ૮.૧૫
બર્ફી: ૧૧.૧૫, ૫.૧૫, ૮.૧૫
રાઝ-૩ ૨ડી: ૨.૧૫

### સૂર્યા, વાવોલ

હિરોઈન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હમસે ન ટકારાના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૪૫, ૭.૧૫, ૧૦.૧૫
રાઝ -૩ : ૨.૦૦, ૪.૩૦

### ચિરાગ, કલોલ

હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેકટર-૬/ડી, ખાતે રમતોત્સવ તથા રાત્રે ૯.૦૦ કલાકે, સમુહ આરતી.

## આપની આજ

**મેષ** : શિક્ષા, સ્નેહીજનો અને મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે સાથે તેમનો સાથ સહકાર પણ મળી રહેશે. વેપારક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**વૃષભ** : આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. સમયનો સદુઉપયોગ આકાંક્ષાઓની પૂર્તિ થતી જણાય. સ્વાધ્યાયમાં રુચિ વધશે.

**મિથુન** : કોર્ટ- કચેરીના કેસોમાં ઉકેલ આવતો જણાય. વિદ્યાર્થી પોતાના મહેનતથી આગળ વધશે. વ્યાપાર- વ્યવસાયમાં વૃદ્ધિના થઈ શકે છે. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત મળી શકે છે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં સફળતા પ્રાપ્ત મેળવી શકશો.

**સિંહ** : ધાર્મિક કાર્યો તરફ તમારી આસ્થામાં વધારો થશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલ લાવવો હિતકારી રહેશે.

**કન્યા** : વેપાર- વ્યવસાયમાં નવીન કાર્યયોજનાનો યોગ પ્રબળ બનકો જણાય.આજે પ્રેમ સંબંધોમાં સફળતા મેળવી શકશો. કુટુંબમાં શાંતિનું વાતાવરણ બની રહેશે.

**તુલા** : પદ- પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વધારો થઈ શકે છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થઈ શકે છે. કલાત્મક ક્ષેત્રમાં જોડાયેલા વ્યક્તિઓને કાર્યમાં સફળતા મળી શકે છે.

**વૃશ્ચિક** : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન થઈ શકે છે. કુટુંબમાં માંગલિક કાર્ય થઈ શકે છે. આવક કરતાં ખર્ચ વધી ન જાય તેની કાળજી રાખવી.

**ધન** : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ વિચાર વિર્મશ થઈ શકે છે. જીવનમાં નિરાશાનો આભાસ થતો જણાય.

**કુંભ** : નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. સામાજિક અને રાજકીયક્ષેત્ર માન-સન્માન, પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

**મીન** : કૌટુંબિજનો સાથે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. દૈનિક વ્યાપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

## ચિરવિદાય

- સ્વ. ગોમતીબેન બાબુલાલ દરજી (ઉ.વ.૯૫) પ્લોટ નં. ૪૭૮/૧, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. ગનારામ નકુલભાઈ ગોડ (ઉ.વ.૪૦) સીબીઆઈ ઓફિસ સામે, નિર્માણ ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- સ્વ. જશભાઈ હરીભાઈ પટેલ (ઉ.વ.૯૫) પ્લોટ નં. ૩૨૦, શ્રેયસ સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.
- બેસણું : જીતેન્દ્રભાઈ, યોગેશભાઈ, પંકજભાઈના માતૃશ્રી સ્વ. ઈન્દુબેન સાકરલાલ પારેખ (પેથાપુરવાળા)નું બેસણું એ-૨૦૪, નીલકંઠ રીટ્રીટ ફલેટ, પરાગી ફલેટની બાજુમાં, રત્નમ ફલેટની સામે, વાસણા, અમદાવાદ ખાતે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ સુધી રાખેલ છે.